બાળવિજ્ઞાન પ્રસ્તુત

# દાદા ભગવાન

## ભાગ-૫

ચિત્રકથા



# પ્રસ્તાવના

'દાદા ભગવાન' વર્તમાન યુગના અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. એમને બાળપણથી જ આત્માને ઓળખવાની, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાની લગની હતી . રોજિંદા જીવનમાં બનતા દરેક પ્રસંગનું તેઓ વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરતા, તેથી પાછળની ભ્રામક, લૌકિક માન્યતાઓથી દૂર રહી સાચી સમજણ અપનાવતા. તાર્કિક પ્રશ્નાવલીઓ દ્વારા ચિંતવન કરીને જગતની પઝલ સોલ્વ કરવાનો અદભુત અભિગમ એમણે અપનાવ્યો હતો. એમના ગૃહસ્થ જીવનના તેમ જ ધંધાકીય જીવનના કેટલાય પ્રેરણાદાયી પ્રસંગો તેમના આવા 'સંશોધક' હૃદયને વાચા આપે છે.

સૌ કોઇને માટે દાદા ભગવાનની વાતો જીવન જીવવાની કળા શીખવા માટે ખૂબ સુંદર દિશાસૂચન કરશે તેમ જ જીવનનું ધ્યેય સમજવાની પ્રેરણા આપશે, એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોનો હૃદય સ્પર્શી પરિચય આ પુસ્તિકા કરાવે છે.

દાદા ભગવાન ના જીવન પ્રસંગોને એમના જ શ્રીમુખે નીકળેલી વાણીમાંથી તેજ રૂપે ચિત્રાંકિત કરવાનો પ્રયત્ન કર્યા છે. આપને આ પુસ્તિકામાં ચિત્ર કે લખાણમાં કઇ પણ ત્રુટિ લાગે તો તે સંકલનકર્તાની છે. આવી કંઇ પણ ક્ષતિ રહી ગઇ હોય તો તે માટે અમો આપના ક્ષમાપ્રાર્થી છીએ.

- જય સચ્ચિદાનંદ


પ્રકાશક :
શ્રી અજીત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ.
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ,
જીલ્લો : ગાંધીનગર - ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૦૩૪

email : balvignan@dadabhagwan.org
website : www. dadabhagwan.org
kids.dadabhagwan.org

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન
પાર્શ્વનાથ ચેમ્બર્સ ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪

પ્રથમ આવૃત્તિ : ૫,૦૦૦ કોપી ડિસેમ્બર ૨૦૧૪

મૂલ્ય : ભારત રૂા. ૪૫



© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above

# દાદા ભગવાન ભાગ-૫




'દાદા ભગવાન' નામે પ્રસિદ્ધ થયેલા અંબાલાલભાઇ મુળજીભાઇ પટેલ ના જીવનમાં અનેક પ્રકારના સંજોગો આવેલા અને અવનવા અનુભવો થયેલા.....


અંબાલાલભાઈના એક ભત્રીજા આફ્રિકામાં રહેતા હતા. તેમના ભત્રીજા ભીખાભાઈ વડોદરામાં નોકરી કરતા હતા. એ જ્યારે આફ્રિકાથી ભારત આવે, ત્યારે વડોદરામાં ભીખાભાઈને ઘરે ઉતરતા.



ભીખાભાઈના પિતાજી ગુજરી ગયા હતા. આમ તો કાકા એમના ભત્રીજાથી ઉંમરમાં પાંચેક વર્ષ જ મોટા પરંતુ તેઓ "કાકા" તરીકે પોતાનો રોફ ભીખાભાઈ પર બરોબર જમાવતા અને એની સાથે નાની નાની વાતોમાં વાંધો ઊઠાવીને કચકચ કરતા.




લે ત્યારે, દેવું હોય તો બરાબર કેવી રીતે કહેવાય ? આ રોજ ચા-પાણી, નાસ્તા કરીને બગાડ કરો ને શ્રીખંડ-પૂરી ને વેઢમી બનાવ્યા કરો, તે કેટલો ખર્ચો થઈ જાય ! એવો બગાડ તે કરાતો હશે ?
ભીખાભાઈ તો આ સાંભળીને મનમાં સમસમી ગયા.
આ વળી કઈ જાતના કાકા ?
પણ આખરે કાકા કહેવાય અને કોઈક વાર રહેવા આવે, એટલે ભીખાભાઈ શરમ રાખી નભાવી લેતા. સામું બોલતા નહીં. પરંતુ આવી દરેક વાતમાં ભૂલો બતાવવાની ને ખોટી કચકચ કરવાની એમની ટેવને લીધે ભીખાભાઈને એમના પ્રત્યે બિલકુલ માન કે પ્રેમ ના રહ્યા.
તારું કેટલુંક દેવું છે ? ચાલ, હું તારા પૈસા ભરી આપીશ. મને બધું કહે તો ખરો.
ના રે કાકા ! એવું કંઈ ખાસ દેવું છે નહીં ! એ તો બધું ભરપાઈ થઈ જશે.
એ કાકાએ અંબાલાલકાકા આગળ પોતાની અકળામણ રજૂ કરી.
જુઓને અંબાલાલકાકા, મેં મારી તરફથી એને પૈસા આપીને દેવું ભરપાઈ કરી આપવા મદદ કરવાનુ કહ્યું છતાં આ ભીખાભાઈ મારી પાસેથી પૈસા લેવા રાજી નથી. મને એને કેટલું દેવું છે એની વિગત પણ કહેતો નથી.
તમે દેવું ચૂકવી આપવા તૈયાર છો, છતાં એ તમારી પાસેથી પૈસા લેવા રાજી ના થાય તેનો અર્થ જ એ કે તમારામાં ઢંગ નથી !



એવું ? તે મારી શી ભૂલ થતી હશે ?
તમે એના કાકા થઈને બેઠા છો એ જ તમારી ભૂલ. કાકાનો એના પર રોફ જમાવવાનું કરો છો, એનાથી જ એ ત્રાસી જાયને ! તમારા કાકાએ તમને ટૈડકાવ્યા હોય ને દુ:ખ લાગ્યું હોય, તો તમારાથી કાકા તરીકે ભત્રીજાને ટૈડકાવાય જ કેમ? એને દુ:ખ લાગશે એવો વિચાર ના આવે ?
પણ...પૈસાની મદદ સ્વીકારવા પણ તૈયાર ના થાય ?
એને પ્રેમ જ લાગે નહીં, તો પછી તમારી આગળ કશું કેવી રીતે કહી શકે ? જુઓ, મારી સાથે કેવી વાત કરે છે તે !
અંબાલાલભાઈએ ભીખાભાઈને પોતાની પાસે બોલાવ્યા.
અરે ભીખા, તારે કંઈ દેવું છે અત્યારે ?
હા દાદા, થોડુંઘણું છે, સોળસો-સતરસો રૂપિયા જેવું હશે. પણ એ તો બધું ધીરે ધીરે ભરપાઈ કરી દઈશ.
ભીખાભાઈ ગયા એટલે એમના કાકાએ ખૂબ જ આશ્ચર્ય વ્યક્ત કર્યું.
અંબાલાલકાકા, તમારી પાસે કોઈ જરૂર કીમિયો છે વાત કઢાવવાનો ! આ માણસ મારી આગળ કશું ના બોલ્યો અને તમને તો બધી વાત તરત કરી દીધી !
આમાં કીમિયાનો કે જાદુનો કોઈ સવાલ જ નથી. આ છેને, મારાથી નાનો છે અને હું એનો વ્યવહારથી દાદો થઉં. આ છોકરાઓ ખૂબ પ્રેમથી 'દાદા, દાદા' કહે. તે મારા મનમાં બોજો વધવા માંડ્યો અને મને ઉપકાર સહયા કરે કે અરેરે ! આપણે દાદા થયા પણ આપણે આનું કશું કામ કર્યું નહીં, એટલે પછી બોજો વધેને ?


પછી વિચાર્યું કે હવે આ બોજો શી રીતે ઊતરે ? પછી શોધખોળ કરી કે એ મને 'દાદા' કહે છે ને હું મનથી એને 'દાદા' માનું એટલે આવી રીતે ગોઠવણી કરી એની જોડે એડજસ્ટમેન્ટ કર્યા કર્યું. એટલે મારું મન બહુ સરસ રહેવા માંડ્યું, હલકું થવા માંડ્યું.
આ તો તમે કોઈ નવી જ વાત કહી !
આ છોકરાઓને બધાને જોયા હોય ને, તો વ્યવહારમાં તમારા સાંધા તોડી નાખે એવા છે ! એ મને 'કાકા' કહે, એટલે ગુપ્ત રીતે અંદરમાં હું એને 'કાકા' ગણું. એટલે પછી થઈ ગયું કાઉન્ટર બેલેન્સ. એમનું માન જળવાય ને મારી સાથે બધા સીધા ચાલે. અને જો "હું કાકો છું" એવું મારા મનમાં રહે, તો તરત જ એનો પારો ચઢી જાય ને રોફ ભરાઈ જાય. પછી તો અથડામણ થતાં વાર કેટલી ?
તેઓ આવી રીતે આંતરિક ગોઠવણી કરી સંઘર્ષ ન થાય એમ વ્યવહાર સરળતાથી ઉકેલતા. આમ આવી રીતે વ્યવહારમાં કાઉન્ટર બેલેન્સ કરવાના વિચાર દુનિયામાં કેટલાને આવ્યા હશે ?

અંબાલાલભાઈને બહારગામ જવાનું હોય ત્યારે એમના સંબંધીઓ એમને મોટે ભાગે સ્ટેશન પર મૂકવા જતા. મુંબઈથી વડોદરા જવા માટે રાતની ટ્રેન અનુકૂળ રહેતી. મુંબઈથી રાત્રે ટ્રેન ઊપડે તે બીજે દિવસે સવારે વડોદરા પહોંચાડે. મુંબઈના સ્ટેશન પર અંબાલાલભાઈ રાત્રે ટ્રેનમાં ચઢે ત્યારે તેમના સંબંધીઓ તેમને ટ્રેનમાં સૂવા માટે પથારી કરી આપે. પછી ટ્રેન ઊપડવાની થાય એટલે "આવજો, અંબાલાલકાકા આવજો" એમ કહેતાં તેઓ નીચે ઊતરી જાય.




ટ્રેન ઊપડે પછી થોડીવારમાં બધા સંબંધીઓ બારીમાંથી દેખાતા બંધ થાય. સામાન્ય લોકો તો ઘણા વખત સુધી જેમને પાછળ છોડી દીધા એવા સંબંધીઓની યાદને વાગોળવામાં જ સમય વીતાવે. વળી પોતાની મંજિલનું સ્ટેશન આવવાનું હોય, તેના કેટલાય વખત અગાઉથી સામાન્ય લોકોના મનમાં તો ઊતર્યા પછી શું કરવું પડશે અને કોણ લેવા આવશે, કોને મળવાનું થશે તેના વિચારો આવ્યા કરે.





પરંતુ અંબાલાલભાઈ તો અસામાન્ય હતા. જુદી જ માટીના બનેલા માનવી ! એમને તો દરેક સંજોગ બંધનરૂપ લાગતો. સદાકાળ મુક્તતાનો અનુભવ કરવાનું તેઓ ઈચ્છતા. તેથી જેવું મુંબઈ છૂટે અને સ્ટેશન પરના લોકો દૃષ્ટિથી દૂર જવા માંડે એટલે પોતે એ લોકોના સંયોગમાંથી ને તેના બંધનમાંથી મુક્ત થયા એવું માનીને નિરાંતનો દમ લેતા. વળી વડોદરા હજુ આવ્યું ના હોય, એટલે એના લોકો કે સંજોગોનું બંધન તો હજુ ચાલુ થયું ના હોય !




આમ આવા પ્રસંગ વખતે એમની અંદર મનોમંથન ચાલતું કે જેમ એક જગ્યાએથી છૂટયા ને બીજી જગ્યાએ બંધાયા નથી ત્યારે જો મુક્તતા એટલો સમય અનુભવાય છે તો કાયમી મુક્તિનો આનંદ કેવો હશે ! સાથે સાથે જ્યારે પણ બે કાર્ય વચ્ચે પણ આવી રીતે સમયનો અવકાશ મળે ત્યારે મુક્તપણાનો આનંદ જીવનમાં માણવો જોઈએ. એક સંયોગ પૂરો થયો ને બીજો આવ્યો નથી, તો અહીંથી એટલો સમય મોક્ષની અનુભૂતિ કરી લો!



અંબાલાલભાઈને એક વકીલનો અલગ પ્રકારનો જ અનુભવ થયેલો. એમના ઓળખીતા એક ભાઈએ એક કેસ નોંધાવેલો. તે અંગે તેઓ વકીલ પાસે જઈ આવ્યા પછી અંબાલાલભાઈને મળવા આવ્યા.....
અંબાલાલભાઈ, આજે તો ખૂબ માઠો અનુભવ થયો.
શું થયું ? ક્યાં જઈને આવ્યા છો ? કેમ તમારું મોઢું પડી ગયું છે ?
મારે એક કેસ નોંધાવેલો તે અંગે એક વકીલને મળવાનું હતું. સાડા નવની એપોઈન્ટમેન્ટ હતી, પણ હું ત્યાં પહોંચ્યો ત્યારે થોડો મોડો પડેલો. વકીલે તો મને દેખતાંની સાથે જ સંભળાવી દીધું – “તમે સાવ અક્કલ વગરના છો ! મુલાકાતનો સમય તો સાડા નવનો હતો. તમે કેમ પંદર મિનિટ મોડા પડ્યા ? આવું મોડું કરો તે કાંઈ ચાલતું હશે ? મારે બીજી કેટલી બધી એપોઈન્ટમેન્ટ છે અસીલો સાથે. સાવ ગધેડા જેવા છો ! મારો બધો સમય બરબાદ કર્યો ! સમયનું કંઈ ભાન–બાન છે કે ?”
ઓ બાપ રે ! આવા બધા અપશબ્દો વાપર્યાં ? વકીલ થઈને આવું બોલે, તે કંઈ એને શોભતું હશે ?



પાછા મોટા વકીલ કહેવાય! કંઈ સભ્યતા તો હોવી જોઈએને ? કેસ તો હજુ જીતાશે કે કેમ તે ક્યાં ખબર છે ? ત્યાં તો આટલી ગાળો ખાવી પડી !
તમારે વકીલને ફી આપવાની અને એ તમને બદલામાં ગાળો આપે !
હું તો સાંભળીને કપાઈ જ ગયેલો ! કેટલું ખરાબ વર્તન કહેવાય !
ગભરાવવાનું નહીં. તે ઘડીએ તમારે વકીલને એવું કહેવું જોઈએ કે સાહેબ, મારે ને તમારે કંડીશન ફીની છે. હું તમને ફી આપું ને તમે મારા માટે દાવો લડો, એટલી જ કંડીશન છે. બીજી ગાળની કોઈ કંડીશન નથી. આ તો ગાળ આપીને તમે એકસ્ટ્રા આઈટમ ઊભી કરી. એ એકસ્ટ્રા આપો છો, તેના બદલામાં દાવો માંડીશ !
એવી તમારા જેવી હાજરજવાબી ની સૂઝ મને નહીંને ?
પણ આપણે કોર્ટમાં ના જવું પડે એ ઉત્તમ રસ્તો. જે ડાહ્યો માણસ હોય તે કોર્ટમાં ના જાય. "જે વસ્તુ માટે દાવો માંડવાનો હોય તે વસ્તુ જો સાચે જ મારી હશે, મારી સાથે ઋણાનુબંધ ધરાવતી હશે તો મને પાછી મળશે જ" એવી ખાતરી રાખવાની. "અને ઋણાનુબંધ નહીં હોય તો પાછી નહીં જ મળે. લાખ કોશિશ કરશો, લાખ દાવા નોંધાવશો, તો પણ!" આટલી હૈયાધારણ ખ્યાલમાં રાખીએ તો કોર્ટની કચકચમાંથી છૂટી શકાય.


પેલા ભાઇએ ફીના થોડા પૈસા અગાઉથી આપી રાખ્યા, જેથી એમનું કામ સારી રીતે જલદી પતાવી આપે. થોડા દિવસ સુધી એમના વકીલ તરફથી કોઇ સંદેશો આવ્યો નહીં, એટલે પેલા ભાઇ પાછા એ વકીલ પાસે ગયા.
વકીલ સાહેબ, મારા કેસનું કેટલે સુધી આવ્યું છે ?
કયો કેસ ? ...ઓહ ! પણ હજુ એનો વારો આવ્યો નથી. ટાઇમ લાગશે.
સાહેબ, થોડો આગળ ચઢાવો ને ! મારે છ મહિનામાં બહારગામ જવાનું છે. તે પહેલાં બધું પતી જાય તો સારું.
કહ્યું ને એક વાર, મારી પાસે ટાઇમ નથી.
સાહેબ, મારો કેસ આગળ ચઢાવો તો સારું પડશે. એવું જો શક્ય ના હોય તો મારો કેસ પાછો આપો. મારા એડવાન્સ પૈસા પાછા નહીં આપો તો ચાલશે.
આ સાંભળીને વકીલે તો રૂમમાં એમનો પોતાનો કૂતરો બાંધેલો તેના તરફ આંગળી કરી.
જાઓ છો કે નહીં અહીંથી ? નહીં તો હમણાં તમને કૂતરું કરડાવીશ !
છેવટે મહામહેનતે અંબાલાલભાઇની મદદથી સમજાવી-પટાવીને વકીલ પાસેથી એ કેસ પાછો લીધો અને પેલા એડવાન્સ આપેલા પૈસા તો છેવટે જતા જ કરવા પડ્યા !
દુનિયાનો વ્યવહાર પણ કેવો અજીબ છે ! જુઓને, વકીલો અસીલની પાસેથી પૈસા પણ લે ને ઉપરથી ગાળો આપે ! સંસારમાં લોકોનો વ્યવહાર જ આવો હોય ! સામી વ્યક્તિ મુશ્કેલીમાં હોય ત્યારે તેને કંઇ ત્રાસ આપવાનો હોય કે મદદ કરવાની હોય ? પરિસ્થિતિને સમજીને વ્યવહાર કરીએ ત્યારે માણસાઇ કહેવાય !










* કોમન સેન્સ – સામાન્ય વિવેકબુદ્ધી





* આડું – ગાડાની અંદરનું આડું લાકડું


એક વખત અંબાલાલભાઈ ભાગીદારને ઘરે ગયા ત્યારે એમની દીકરી ખાટલામાં સૂતી હતી.
અરે, આ તું કેમ આવી નરમ ને નબળી લાગે છે ? એને કંઈ થયું છે ?
એને છ મહિનાથી શરીરમાં ઝીણો તાવ રહે છે. ડૉક્ટરોની ઘણી દવા કરી, પણ મટતો નથી.
એવો ઝીણો તાવ ઉતારવાની રીત મને ખબર છે. ગાંધીની દુકાનેથી કડુ-કરિયાતું મંગાવીને બધું ખંડાવીને ભેળું કરી તૈયાર કરાવો. હું બપોરે પાછો આવીશ ત્યારે એ દવા આને પાઈશ.
બપોરે...
બેટા, જો તારે માટે દવા તૈયાર કરી છે, તે તારે પી જવાની છે.
ના કાકા, એ તો બહુ કડવી હોય હું એ દવા નહીં પીઉં.
જો, હું પણ તારી સાથે દવા પીઈશ. આપણે બન્ને સાથે પીઈએ.
ઉંઉંઉં...ના કાકા, મારાથી નહીં પીવાય.




ના, એમ ના નહીં પાડવાની. તું જો તો ખરી હું કેવી રીતે પીઉં છું તે !
અંબાલાલભાઈએ તો તેના હાથમાં વાટકી પકડાવી અને પોતે પણ દવાની વાટકી હાથમાં પકડી. પછી પોતાના મોઢામાં દવા રેડી, જાણે દૂધ પીતા હોય તેમ મોઢામાં મમરાવીને થોડીવાર રાખી મૂકી. દીકરીએ તો નવાઈથી અંબાલાલભાઈ સામે જોયા જ કર્યું.
અરે કાકા, તમે દવા મોઢામાં ભરી રાખી, તે કશું ના થયું ?
શું થાય એમાં ? જેમ દૂધ પીએ એમજ પી જવાની હોય ને !
તેને જોયું કે કાકાને દવા કડવી નથી લાગતી કે મોઢું બગાડતા નથી. એટલે એણે પણ પોતાની દવાની વાટકી મોઢે અડાડીને બધી દવા પી ગઈ! મારી-ઠોકીને પીવડાવીએ તો બાળક ભડકે. આ તો રમતમાં ને રમતમાં વિશ્વાસ પેદા કર્યો, અને તેની મરજીથી જ દવા પીતી કરી દીધી.
બીજી વખત ભાગીદારના દીકરાને પણ તાવ આવેલો અને એ પણ દવા પીવાની આનાકાની કરતો હતો.
મારાથી તો આ દવા નહીં પીવાય. બહુ કડવી છે. ઊલટી થઈને બધી બહાર નીકળી જશે.
જો, એવી ભડક રાખવાની નહીં. "હે ભગવાન મને કડવી દવા પીવાની શક્તિ આપો" એવું પાંચ વખત બોલીને પછી પી જા, કશું નહીં થાય.


ભાગીદારનો દીકરો અંબાલાલભાઈના કહેવા મુજબ પાંચ વાર બોલીને દવા પી ગયો.
હમણાં ઊલટી થઈ જશે.
ના થાય ! એવું ઊંધું વિચારવાનું જ નહીં. પોઝિટિવ જ રાખવાનું કે આ દવાથી તાવ મટી જવાનો છે. જો, તે શક્તિ માંગી તો દવા પીવાઈ ગઈ કે નહીં ?
આવી જ રીતે, એકવાર અંબાલાલભાઈ એક જણને ઘરે ગયેલા. ત્યાં એક ભાઈની બાજુમાં જમવા બેઠા. એ ભાઈના સસરા એ લોકોને પીરસતા હતા. એમણે અંબાલાલભાઈની થાળીમાં લાપસી પીરસી, પણ પોતાના જમાઈની થાળીમાં ના પીરસી.
આમનામાં પણ લાપસી મૂકો ને !
એ તો નાનપણથી ગળ્યું ખાતા જ નથી !
પાટીદારનો છોકરો તે વળી ગળ્યું ખાધા વગર રહેતો હશે ?
હું બત્રીસ વર્ષનો થયો પણ હજુ સુધી મેં ગળ્યું કંઈ પણ ખાધું નથી.



એવું તે કંઈ ચાલતું હશે ? મારી હાજરીમાં મારી ભેગા જમવા બેઠા છો, તે થોડું તો ગળ્યું ખાવું પડશે !
પેલો જમાઈ તો ગભરાયો કે હવે આ જબરજસ્તી કરશે.
મારાથી કરવાનું ના હોય. અમે જબરજસ્તી ના કરીએ, અમે તો પ્રેમથી ખવડાવીએ.
જુઓ, હું કહું છું એમ બોલો – "હે ભગવાન! મને ગળ્યું ખાવાની શક્તિ આપો." આ રીતે બોલીને શક્તિ માંગો.
પેલા ભાઈ તો અગિયાર વાર એ પ્રમાણે બોલ્યા અને પછી થોડી લાપસી ખાધી. ત્યાર પછી તો એ રોજ નિરાંતે લાપસી ખાતો થઈ ગયો. એના સસરા રોજ આવીને કહી જતા કે....
મારો જમાઈ લાપસી ખાતો થઈ ગયો છે !
એક વખત "ગળ્યું નથી ભાવતું" એવું મનમાં નક્કી કર્યું એટલે પછી એ વાત પર જ અટકી જવાય કે ગળ્યું નથી જ ભાવતું, તે અટકણ! "કડવી દવા પીઈશ તો ઊલટી થઈ જશે" એવું મનમાં નક્કી કર્યું એટલે એવું ને એવું જ મહીં ઘૂંટાયા કરે અને દવા ના પી શકે, તે અટકણ ! અંબાલાલભાઈ દરેકને પ્રેમથી સમજાવીને આવી આવી માનસિક માન્યતાઓ રૂપી અટકણોમાંથી છોડાવતા.


એક વાર એફિડેવિટનો પત્ર મેળવવા માટે કોર્ટમાં જવાનું થયેલું. એમની સાથે એમના ભાગીદાર પણ ગયેલા. ત્યાં કોરિડૉરમાં (પેસેજમાં,લોબીમાં) એક દરવાજાથી બીજા દરવાજા સુધી બધા વકીલો લાઇનબંધ કતારમાં ઊભા રહી ગયેલા.
અહીં આવો.
મને કહો શું કામ છે તે !
અરે ભાઈ, મારી પાસે આવો ને ?
અંબાલાલ તો અચરજ પામી ગયા.
મારી પાસે આવો, બોલો, શું કરવાનું છે ?
આ તે કઈ જાતનો ધંધો ? ઘરાકી માટે આટલી પડાપડી ? કોઈ હોટેલવાળા પણ આ રીતે પોતાની હોટેલમાં ઘરાકોને નથી બોલાવતા ? અહીં તો આટલા નાના કામ માટે પણ બધા એક સામટા તૂટી પડ્યા છે !
જુઓ, એક રૂપિયો મળશે.
ના, ના, બે રૂપિયા કરી આપો ને !


અમારે એફિડેવિટ કરાવવાનું છે.
હા, હા, "હું તમને ઓળખું છું" એવો કાગળ લખી આપીશ. બે રૂપિયામાં, હોં !
આ દુનિયા કેવી ગજબની ચાલે છે ! આ માણસ અમને બિલકુલ ઓળખતો નથી, છતાં "અમને ઓળખે છે" એવો કાગળ લખી આપશે ને કોર્ટમાં જજની આગળ પણ બોલશે કે "ઈશ્વરને સાક્ષીએ રાખીને કહું છું કે હું આમને ઓળખું છું." આટલું બધું જૂઠું બોલવાનું જોખમ ખેડે છે, માત્ર બે રૂપિયાની કમાણી કરવા માટે !
ભાગીદારે પેલા વકીલ સાથે કાગળના સહીસિક્કાનું કામ પતાવ્યું. પેલો પૈસા લેવા માટે પાછળ પાછળ આવ્યો.
એમ કરો, આજે પૈસા નથી. અમે ફરીવાર આવીશું ત્યારે આપીશું.
ના ભાઈ, મને અત્યારે આપી દો. આજે રાત્રે હું સોનાપુર જવાનો છું.
અત્યારે એક રૂપિયો લ્યો. પરમ દહાડે અમે ફરી આવીશું ત્યારે બીજો રૂપિયો આપીશ.
આ મતલબવાળી દુનિયામાં બધું પોલંપોલ જ છે. લોકો પૈસા કમાવવા પોતાની નૈતિકતા પણ બાજુએ મૂકી દે છે.
અંબાલાલભાઈના ભાગીદાર પણ કાચા નહોતા ! એમને પણ આવી રીતે પાછળ પડી જનાર વ્યક્તિ સાથે કેવી રીતે કામ લેવું તે બરાબર આવડતું હતું. ધંધાના ઘણાં માથાકૂટવાળા કામો તેઓ જ પતાવી દેતા. આવા પ્રસંગોમાં અંબાલાલભાઈ દુનિયાના લોકોના આવાં પ્રકારના વ્યવહારનું સૂક્ષ્મતાએ નિરીક્ષણ કરતા અને નિર્લેપ રહી તારણ કાઢતા.


અરે, અંબાલાલભાઇ! હું તો નવી ઇઝી ચેર*લઇ આવ્યો છું.
એમ કે ? ત્યારે હું આવીશ તમારે ત્યાં એ જોવા માટે.
અંબાલાલભાઇ એ શેઠને ઘરે ગયા ત્યારે શેઠ એમની નવી ઇઝી ચેરમાં બેઠેલા હતા. તેઓ કંઇક મૂંઝાયેલા દેખાતા હતા.
અરે શેઠ, આવી સરસ ઇઝી ચેર છે, તેના પર તમે અનઇઝી કેમ દેખાવ છો ?
શું કરું અંબાલાલભાઇ, આ વેપારના વિચારમાં ખોવાઇ ગયેલો !
અંબાલાલભાઇએ અને એમના ભાગીદારે વારાફરતી એ ખુરશીમાં બેસી જોયું. ખાસ્સી મજાની આગળ-પાછળ ઝૂલે એવી હતી. એમને તો ઇઝી ચેર ગમી ગઇ.

* ઇઝી ચેર – આરામ ખુરશી




* અનઈઝી – બેચેન, વ્યાકુળ

અંબાલાલભાઈ પોતે પણ જ્યાં સુધી જ્ઞાન થયું નહોતું ત્યાં સુધી અહંકારના શિકાર હતા જ. એમનો અહંકાર, દુઃખને સહન કરવાની બાબતમાં કેટલો જબરો હતો તે જાણવું છે ?







હું દીવાસળી સળગાઉં છું. તેની જ્યોતની ઉપર તારો અંગૂઠો ધરી રાખ.
એક નહીં, બે સળગાવ.
પેલા મિત્રને એમ કે ઘડીક વારમાં અંબાલાલ હાથ ખેંચી લેશે. પણ અંબાલાલભાઈએ તો છેક બે દીવાસળી પૂરી થઈ ત્યાં સુધી અંગૂઠો ધરી રાખ્યો ! એટલે પેલો મિત્ર ગભરાઈ ગયો.
હેં અંબાલાલ ! તને દાઝ્યું ન હતું ? આટલું બધું કેવી રીતે સહન કર્યું ?
લે વળી, અંગૂઠો હાલી જાય ને તું જુએ તો તો મારી આબરુ જાય, એટલે સહેજ પણ હલવા ના દઉં !
પાછળથી એ કહેતા કે એ અહંકારને કારણે જ તો આટલું દાઝવાનું દુ:ખ સહન કરી લીધું ! એટલે ખરેખર તો એ સહનશક્તિ કહેવાય જ નહીં, અહંકારનું ફળ જ કહેવાય !આપણે સાચી સમજણ હાજર રાખીએ તો ક્યારે પણ સહન કરવાનું આવે જ નહીં. અહંકાર જેટલો જબરો, એટલા દુ:ખ અને ભોગવટા સહન થઈ શકે! પણ એ સાચો રસ્તો નથી. પછી બદલામાં દુ:ખો સહન કરવાનો વખત આવે.

શિવાભાઈ નામના અંબાલાલભાઈના એક મિત્ર વાણિયાની પોળમાં રહેતા હતા. એકવાર તેઓ મુશ્કેલ સંજોગોમાં મૂકાઈ ગયા. તેઓ પોળમાં એક વકીલના ઘરમાં નીચે ભાડે રહેતા હતા. એમને વકીલે ઘર ખાલી કરવાનું કહ્યું. શિવાભાઈની તૈયારી ન હતી, તેથી તેમના ઉપર વકીલે દાવો માંડયો. તેથી અંબાલાલભાઈ એમની મદદે આવ્યા. વકીલ સાથે બે વર્ષની મુદ્દત નક્કી થઈ. વધુમાં વધુ ત્યાં સુધી શિવાભાઈ એ ઘરમાં રહી શકે, પણ પછી એમણે ઘર ખાલી કરીને વકીલને સોંપી દેવાનું એવી સમજૂતી પર બન્ને પાર્ટી આવી. મૂંઝવણનો નિકાલ સારી રીતે થઈ ગયો અને આવી બાંહેધરી વકીલે કાગળ પર લખીને આપી.




એ વાતને ૬ મહિના પણ નહીં થયા હોય, અચાનક એકવાર શિવાભાઈની છોકરી હાંફતી હાંફતી દોડતી અંબાલાલભાઈ પાસે આવી.






* બેલીફ – જપ્તી કરાવનાર અમલદાર


તમે કઈ જાતના પાક્યા છો, તે વકીલ થઈને કેસની પતાવટ પછી આવું ફરી જાવ છો ? અને તે પણ ભાડુઆત ભાઇ ની ગેરહાજરીમાં પગલાં લો છો ! સ્ત્રીઓને આમ મૂંઝવણમાં નિ:સહાય મૂકી દેતાં શરમ નથી આવતી ? સમજો છો શું તમારા મનમાં ? તમારા આખા ખાનદાન ને જોઇ લઇશ, જો આ જપ્તીનું કામ આગળ વધાર્યું છે તો !
અંબાલાલભાઇની ક્ષત્રિયતા ભભૂકી ઊઠી. ત્યારે આંખોમાં ચમક જુદી જ જાતની દેખાય, જાણે પ્રત્યક્ષ શિવજી ક્રોધિત ના થયા હોય !
પેલો મકાન માલિક તો ઠંડે કલેજે ઊભેલો હતો.
જાઓ, પેલો ખાટલો, કબાટ, બધું બહાર કાઢો. મારે તો આજે જ આ ઘરનો કબજો જોઇએ છે.
શું તમને એનું પણ ભાન નથી કે આપણે કાગળમાં સહી-સિક્કા કરેલા છે, તમે દાવો પાછો ખેંચેલો ત્યારે, આ જુઓ એ કાગળ !
અંબાલાલભાઇના હાથમાંથી કાગળ ઝુંટવીને....
આ કાગળ મોજૂદ હોય તો જ કોઇ વાંધો ઉઠાવી શકે ને ?
એમ બોલતાંની સાથે એણે તો કાગળનો ડૂચો વાળ્યો અને સીધો મોઢામાં જ મૂકી દીધો. અંબાલાલભાઈની આંખો સામે મોઢામાં ભરેલો ડૂચો એ ચાવીને ગળી ગયો અને પેટમાં ઉતારી દીધો !


નાલાયક! આટલી હલકી વૃત્તિનો નીકળ્યો તું ? ઊભો રહેજે, હવે તો તારી ફજેત ના કરું ત્યાં સુધી તને છોડીશ નહીં. ઓપરેશન કરાવીને એ કાગળ પેટમાંથી બહાર કઢાવીશ ત્યારે જ જંપીશ, જે ખર્ચ થાય તે હવે તો !
ગુનેગાર હોય તેને કેટલી અવળી બુદ્ધિ સૂઝે છે !
અંબાલાલભાઈનું વીફરેલું સ્વરૂપ જોઈને મકાનમાલિક અને બીજા એમની સાથે હતા તે બધા ફફડી ઊઠ્યા!
પેટ ચીરાવીશ એટલું જ નહીં, તારી સનદ* પણ પાછી ખેંચાવીને જ જંપીશ. જોજે, સમજી લેજે!
અમે ક્ષત્રિય છીએ એટલે પાછી પાની નહીં કરવાના. ગમે તે પરિસ્થિતિ આવે, સર્વનાશ થઈ જાય તો પણ એકવાર ઊભું થયું એટલે એની પાછળ પડી જઈએ. ભલે સંસાર આખો ભૂલાઈ જાય. આ જે પકડાયો તેને પાઠ ભણાવીને જ જંપીએ, ભલે એમાં અમારું બગડે. સમજ્યો ?
અંબાલાલભાઈમાં શૂરવીરતા અને સચ્ચાઈ ભભૂકી ઉઠ્યા. ક્ષત્રિયપણાના જોશમાં આવીને એવા તો ઉશ્કેરાઈ ગયેલા કે પેલા મકાનમાલિક તો સાવ ઢીલા પડી ગયા અને જપ્તીનું કામકાજ થંભાવી દીધું. આમ તેઓ પોતાની જાતને હોડમાં મૂકીને નબળાને રક્ષણ આપતા અને અન્યાયનો સામનો કરવા દોડી જતા.

* સનદ

એક વખત અંબાલાલભાઈ મિત્ર જોડે મથુરા ગયા હતા. મથુરા તો ભગવાન શ્રી કૃષ્ણની જન્મભૂમિ એટલે ત્યાં દર્શનનું માહાત્મ્ય !
પરંતુ એવા યાત્રાના સ્થળોમાં ચોબા* ભટકાઈ પડે..
(પહેલાના વખતમાં યાત્રાળુ હોટલ કે ધર્મશાળામાં ના ઊતરે અને બ્રાહ્મણના ઘરે રહે. તે બ્રાહ્મણ ભગવાનની પૂજા, વિધિ બધું કરાવે.
જતી વખતે યાત્રાળુ દક્ષિણા આપે અને દર વર્ષે દાનધર્મના પૈસા મોકલે.)



અંબાલાલભાઈ તો મથુરાના સ્ટેશને ટ્રેનમાંથી ઊતર્યા. ત્યાં ઊતરતાંની સાથે થોડાં ચોબાઓ એમને વીંટળાઈ વળ્યા.




* ચોબા – મથુરા પ્રદેશની એક બ્રાહ્મણ જ્ઞાતિ અને એના પુરુષ


કૌન સે ગાંવ સે આયે હો? કૌન સી જાતિ કે હો?
હમ ભાદરણ ગાંવ કે પટેલ હૈં.
ઓહોહો! ભાદરણ ગાંવ કે? દેખો, દેખો, તબ તો મૈં આપકે બાપ-દાદા કો પહચાનતા હૂં.
નામ-ગામ કહેતાં જ ચોબાએ તો અંબાલાલભાઈનો હાથ પકડી લીધો. એમના ચોપડામાંથી વંશાવળી કાઢીને અંબાલાલભાઈના દાદીમાનું નામ શોધી બતાવ્યું કે તેઓ અહીં દર્શન કરવા આવેલા ત્યારે એમની પાસે જ આવેલા અને એમના ઘરે ઉતરેલા.
અબ તો સાહબ, આપકો હમારે યહાં હી ઠહરના પડેગા. કહીં ઓર નહીં, ઠીક હૈ?
બાપ રે, આ તો હવે બરાબરના ફસાયા ! મારાથી તો ભોળપણમાં ને ભોળપણમાં મારું નામ ને ગામનું નામ કહેવાઈ ગયું અને આ તો ઉસ્તાદ એવો છે કે બધું સગપણ ખોળી કાઢ્યું !




* ચીટકુ – પોતાના સ્વાર્થ માટે સામાને ગમે તે રીતે ચોંટી પડનાર


યહાં પર મસ્જિદ કિસ ઓર હૈ? મુજે નમાજ પઢને જાના હૈ.
હં હં હં હં ! સાહબ,! ક્યા બોલે ?
હા, મૈંને પિછલે તીન સાલોં સે મુસ્લિમ ધર્મ અંગીકાર કિયા હૈ. વહી ધર્મ કા પાલન કરતા હું.
આ સાંભળતાની સાથે જ ચોબાએ તો "છી છી છી છી" એમ કહીને એક ઝટકા સાથે અંબાલાલભાઈનું કાંડું પોતાના હાથમાં પકડેલું તે છોડી દીધું. તેમણે અંબાલાલભાઈને પોતાને ઘરે તેડી જવાનું માંડી વાળ્યું અને છી છી કરતા ત્યાંથી યમુનાજીમાં નાહીને ચોખ્ખા થવા ગયા.
હા...શ ! મારી તરકીબ ફળી! નહીં તો એ તો મૂઓ મારો હાથ જ નહોતો છોડતો! હાથ ભાંગી જાત તોયે ના છોડત.
ગજબ છો તમે તો ! પણ અંબાલાલભાઈ, એવું તે કંઈ કહેવાતું હશે ? આપણી તો આબરૂજતી રહે ને ?
આબરૂ જવાની તે શી બીક રાખવાની ? આપણો તો ભાઈ ક્ષત્રિય સ્વભાવ એટલે મારી સ્વતંત્રતા ઉપર જો કોઈ હાથ નાખે તે મને ગમતું નથી. મને સ્વતંત્રતા જ ગમે છે. કોઈની પકડ નહીં.
અંબાલાલભાઈ તમારી યુક્તિએ તો આપણને બચાવી લીધા.
આ તો વ્યવહાર કળા ! જોઈતું પરિણામ આવી ગયું. વળી ગમે એટલું આપીએ તોય એમને અસંતોષ ન જ રહેને ? અને આ તો આવું સાંભળીને એની માંગણી છોડી દીધી અને આપણે એની ચુંગાલમાંથી છૂટી ગયા.
અંબાલાલભાઈ કોઈપણ પ્રકારે પોતાની સ્વતંત્રતા ખોવા નહોતા દેતા, તે પણ દુ:ખ આપ્યા વગર. આવી રીતે ગમે તેવા પ્રસંગમાં કળા કરી મુશ્કેલીમાં રસ્તો કાઢી લેતા.



અંબાલાલભાઈ શ્રીમદ્ રાજચંદ્રના મંદિરમાં દર્શન કરવા અગાસ ગયેલા. આવા સ્થળે સામાન્ય રીતે દર્શનાર્થીઓ પોતાના તરફથી મંદિરના જુદા જુદા ખર્ચાઓમાં ફાળા તરીકે રકમ લખાવે અંબાલાલભાઈનો તે વખતે કોન્ટ્રાક્ટરનો ધીકતો ધંધો ચાલતો હતો, એટલે એમની પાસે પૈસાની કમી ન હતી. તેઓ પણ પેઢી પર દાન આપવા ગયા.
આ સો રૂપિયાની નોટ લો. અમારા તરફથી મંદિરના ખર્ચામાં દાન પેટે રૂ.૨૫ લખો. ૭૫ રૂ. પાછા આપો.
એ જમાનામાં પચ્ચીસ રૂપિયા એટલે આ જમાનાના ૨૫૦૦ રૂપિયા થાય !
મંદિરમાં ધર્માદા ખાતે પૈસા આપવાના હતા અને ધંધામાં સારી આવક છે, છતાં વધારે પૈસા ત્યાં અપાયા નહીં આવું કેમ થયું ? આમ તો લોકો મને ખૂબ નોબલ(ઉદાર)માણસ તરીકે જાણે છે.
ભાદરણમાં મંદિર બાંધવાનું હતું તેમાં પણ એ જમાનામાં એમણે ૭૦૦૦ રૂપિયા દાન આપેલા.








પોતાના સ્વભાવનું કેટલું નિષ્પક્ષપાતી ને સચોટ અવલોકન ! આમ પૈસાનો લોભ નહીં, છતાં વાહ-વાહ સાંભળવા ના મળે, ત્યાં પ્રકૃતિવશ ઓછા અપાય અને 'વાહ વાહ' સાંભળવા મળે તેવી જગ્યાએ રૂપિયા ખર્ચી નાખે. પોતે પોતાનો માનનો મોહ પારખ્યો, તેની સાથે જ એ ગયો !

અંબાલાલભાઈનો દિલાવર સ્વભાવ હતો. કોઈને પૈસાની તંગી હોય ને ખર્ચાપાણીમાં વધારે અગવડતા હોય, ત્યારે એને મદદ થાય એ માટે ઝટ એને પૈસા ધીરી દેતા. તેઓ અચકાતા નહીં. એકવાર એવી રીતે કોઈ એક વેપારીને એમણે એની મુશ્કેલીમાં પાંચસો રૂપિયાની મદદ કરેલી.






થોડા વખત પછી એ વેપારી પાસે સહજતાથી જ પૈસા પાછા માંગ્યા ત્યારે તેમને ખૂબ જ અણધાર્યો અને જડબેસલાક અનુભવ થયેલો.
લાવ, આજે આ રસ્તે પસાર થઈ રહ્યો છું, તો રામજીભાઈને મળતો જાઉં. એની દુકાન અહીં આગળ જ આવે છે ને ! અરે હા, ઠીક યાદ આવ્યું, મેં એની મુશ્કેલીમાં પાંચસો રૂપિયા ઉધાર આપેલા. કદાચ એક-દોઢ વર્ષ થઈ ગયું હશે. એ પાછા આપી દે તો એ વાતનો નિકાલ થઈ જાય.
કેમ છો રામજીભાઈ? તમારા ધંધા-પાણી કેવા ચાલે છે ?
આવો આવો અંબાલાલભાઈ, આજે બહુ દિવસે દેખાયા ! બસ જુઓ, ભગવાનની કૃપા છે હમણાં તો ! આ સાલ સારી આવક થઈ છે.
શું પતાવી આપવાનું છે ?
ત્યારે જો તમારા ખર્ચા-પાણી નીકળી જતાં હોય અને કોઈ અડચણ ના હોય તો આ ફેરો હિસાબ પતાવી આપજો.



તમે ગઈ ફેરો મારી પાસેથી પાંચસો રૂપિયા લીધા હતાને, તે જો વાળી દો તો હિસાબ ચૂકતે થઈ જાય.
અરે ! કેવી વાત કરો છો અંબાલાલભાઈ? મારે તમને રૂપિયા આપવાના ક્યાં નીકળે છે ? તમે કંઈ ભૂલ કરતા લાગો છો. એ તો ગઈ ફેરો તમે મારી પાસે પાંચસો રૂપિયા માંગેલા અને મેં ત્યારે તમને ઉધાર આપેલા. એ તો મને એમ કે તમે વાળશો તો ખરા જ ને જતે દહાડે. એટલે હું કંઈ ઉઘરાણી કરવા આવતો નહોતો !
એક ક્ષણ માટે તો અંબાલાલ થંભી જ ગયા ! કાપો તો લોહી ના નીકળે એવી એમની સ્થિતિ થઈ ગઈ ! કોઈ સામાન્ય વ્યક્તિના જીવનમાં આવો કિસ્સો બને તો એનો અંજામ શું આવે ? અંબાલાલ તો અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતા હતા. કોઈ અણધારી આફત આવી પડે ત્યારે તેમના મનમાં સવળી વિચારધારા ચાલુ થઈ જતી અને તે દ્વારા તેઓ તરત જ સ્વસ્થતા મેળવી લેતા.
આ તો આજે બરાબર ફસાઈ ગયો ! પૈસા માંગવા જવાનું તો મને ક્યારેય ગમતું નથી, તે વળી આજે ક્યાંથી એવું સૂઝ્યું ! આ પણ મારો હિસાબ જ હશે ને! વાદવિવાદમાં તો કોઈ મજા નથી. જબરજસ્ત અથડામણ થશે અને સામી વ્યક્તિને મન-દુ:ખ થાય એવું બોલાઈ ગયું કે વર્તન થઈ ગયું તો વેર બાંધ્યા વગર રહેશે નહીં. તેની સાથે ઝઘડવા થોડું જવાય ? આ પૈસા આવ્યા કે ગયા તેની સાથે મારે કોઈ નિસ્બત નથી. તેની ચિંતા મારે કરવાની જ નથી. મારે તો કોઈને દુ:ખ ના થાય, કોઈની જોડે વેર ન બંધાય એવી રીતે ઉકેલ લાવવો છે.


અરે રામજીભાઈ, હવે કંઈ યાદ આવે છે ખરું ! મેં જ તમારી પાસેથી માંગેલા, હોં, ગઈ ફેરો ! હું તાબડતોબ રોકડા રકમનો બંદોબસ્ત કરાવી દઈશ. કાલે મારી પેઢી પર આવીને તમે લઈ જજો.
બહુ સારું, અંબાલાલભાઈ !
અરે, આ તો પાંચસો રૂપિયામાં પતી ગયું, નહીં તો આ માણસ મારી પાસે પાંચ હજાર માંગી શકે છે. આના જેવાયે માણસો દુનિયામાં હોય છે! આ રીતે પૈસા આપીને પણ આવી વ્યક્તિથી છૂટી જવું અને ઋણમુક્ત થઈ જવું સારું ! આવા લોકોનો એકવાર હિસાબ પતાવી દીધો તો કોઈ જનમમાં ફરી ભેગા ના થાય.
આવી વ્યક્તિ સાથે તો કશો વ્યવહાર ઊભો ન થાય તે જ સારું. તેઓ આવી રીતે જાણી-બુઝી છેતરાઈને પણ સંસારમાં ભલે નુકસાન જાય પણ પોતાની આધ્યાત્મિક પ્રગતિ કરવાની ભાવના ધરાવતા.
આવો રામજીભાઈ. મુનિમજી, ચા મંગાવજો. પૈસા અને ચોપડો પણ લેતા આવજો.
જય શ્રીકૃષ્ણ.
આ પ્રસંગ પરથી અંબાલાલભાઈ શીખી ગયેલા કે કોઈને પૈસા આપ્યા એટલે એમજ સમજવાનું કે કાળી ચીંધરી બાંધીને દરિયામાં પધરાવ્યા. પાછા આવશે એવી આશા જ રાખવાની નહીં.

અંબાલાલભાઈના મામાના દીકરા નડિયાદના વતની હતા. તેઓ ઉંમરમાં એમના કરતાં પાંચ વર્ષ નાના. એન્જિનિયર થયેલા હતા.

એમનો જમાઈ એકવાર એમના ઘરે નડિયાદ આવેલ હતો. સવારે તેઓ ઓફિસે જતા હતા, તે વખતે એમનો જમાઈ એમની પાછળ આવ્યો અને એમને પકડી પાડ્યા.




પોળના રસ્તા પર બધા લોકોની વચ્ચે આવી રીતે વર્તીને એણે સસરાની આબરૂ લીધી ! કેટલીય નોકરીઓ એને અપાવી હશે, તે બધેથી પોતે નાસી જાય અને પછી પાછો આ રીતે સસરાને ગળે પડે ! તે દિવસે તો આખી પોળમાં સોપો પડી ગયો. શાંત અને સીધી વ્યક્તિની આવી ફજેતી! એ કઈ જાતનો ન્યાય ?


તેઓ સુંવાળા ને નરમ સ્વભાવના, તે જમાઈની આવી હરકતો સહન કરી લેતા. પણ તે દિવસે અંબાલાલભાઈએ જમાઈનું આવું વર્તન જોયું એટલે એમનું પટેલ નું લોહી ઉકળી ઊઠ્યું !






અરે શીનુભાઈ, જમાઈથી આવી ઉદ્ધતાઈ કંઈ કરાતી હશે ?
જુઓને બળ્યું, શું કરીએ ? બહુ ઊંધા મગજનો છે.
તે તમે ક્યાં સુધી સહન કરશો ? એને કહેજો કે અંબાલાલભાઈ મળવા બોલાવે છે. એને જરા સીધો કરવો પડશે.
ના બા, મારાથી તો એને નહીં કહી શકાય. એ તો મારી જોડે વેર રાખે એવો છે. મારી છોકરીને હેરાન કરી નાખશે.
તમે એને કશું કહેશો નહીં. પણ આમ કંઈ ચાલતું હશે ? કહેવાનું તો મારે છે. હું પણ છ ગામનો પટેલ છું ને! મારી આગળ એ અક્ષરેય નહીં બોલી શકે.
ના અંબાલાલભાઈ, તમે એને કશું કહેશો નહીં.
છેવટે અંબાલાલભાઈએ એમના છોકરાને કહ્યું કે તારા બનેવીને તેડી લાવ અને 'અંબાલાલકાકા બોલાવે છે' એમ કહેજે.

પેલા જમાઈરાજ પધાર્યા એટલે અંબાલાલભાઈએ એને ઓરડામાં બોલાવીને બારણું વાસી દેવડાવ્યું.




અંબાલાલભાઈએ તો આ રીતે વિગતવાર બધું કહી પેલા જમાઈને સારો એવો ખખડાવ્યો. પેલાને તો એમ જ હતું કે "હું જમાઈ એટલે બધે રોફ મરાય!" અંબાલાલભાઈની વાત સાંભળીને એ તો સાવ ડઘાઈ જ ગયો. ત્યાર પછી આખી જિંદગીમાં ઉદ્ધતાઈથી એક અક્ષરેય બોલી શક્યો નહીં ! અંબાલાલભાઈ આવી રીતે ભલભલાના સગેલા અહંકારને ટાઢો પાડી દેતા.

અંબાલાલભાઈ કહેતા, જેને છોકરી પરણાવવાની હોય, તે લોકો આવી કઠણ ભાષા વાપરીને બોલી ના શકે. કારણ પછી એમના ઘરની છોકરી કોઈ લે નહીં. પણ અંબાલાલભાઈને એવી કોઈ ચિંતા ન હતી. એમણે તો પેલા જમાઈના અહંકારના ઊભરાને શમાવવાનું બીડું ઝડપેલું.

* પૈઠણ – લગ્ન વખતે કન્યા પક્ષ દ્વારા અપાતા પૈસા અને ચીજવસ્તુઓ

કોન્ટ્રાક્ટનો ધંધો કરવાનો એટલે અંબાલાલભાઈને મોટે ભાગે કારીગરો પાસે કામ લેવાનું આવતું. અંબાલાલભાઈનું મગજ એટલું પાવરફૂલ હતું કે એક મિનિટમાં તો એકદમ ફાસ્ટ કેટલાંય રિવોલ્યુશન્સ ફરી જાય! એટલે અંબાલાલભાઈ કામ કરાવવા માટે કારીગરોને જે સૂચનાઓ આપે અને સમજણ આપે, તેમાં એટલી બધી ચપળતા હોય કે કારીગરોને એ વાત ગ્રહણ કરતા અને સમજતાં ખૂબ જ વાર લાગે.

કારીગરોની ધીમી ગતિ અને ગેરસમજના ગોટાળા એમનાથી સહન ન થતા અને ઘણીવાર આકુળતાથી મજૂરોને ખખડાવી નાખતા.




હૃદયથી કૂણાં અને માનવમાત્ર માટે સહૃદયી વ્યવહાર રાખનારા અંબાલાલભાઈને પોતાની આવી ગુસ્સાવાળી વર્તણૂંક માટે ખૂબ જ પસ્તાવો થતો. તેના પર વારંવાર ચિંતન કરતા.



આવી સમજણ સ્ફૂરી ત્યાર પછી અંબાલાલભાઇ કારીગરો સાથેના વ્યવહારમાં 'કાઉન્ટર પુલી' (એડજસ્ટમેન્ટ) મૂકી દેતા અને એમના પર ગુસ્સે થતા બંધ થઇ ગયા.




પછી આ રીતે "બોસ" બનીને એમણે ક્યારેય એમના અન્ડરહેન્ડ કર્મચારીઓને, માણસોને ટૈડકાવ્યા ન હતા. ઊલટાંનું, અન્ડરહેન્ડ વ્યક્તિઓને રક્ષણ આપીને સહુનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરેલો. એમનાથી કોઇ ભયભીત ન થાય એવી રીતે સમજદારીપૂર્વક વ્યવહાર ઉકેલતા.



આમ, યુવાનીમાં પણ અંબાલાલભાઇ (દાદાશ્રી) ના જીવન પ્રસંગો પરથી સમજાય કે એમનો વ્યવહાર એટલો ઊંચો અને આદર્શ હતો કે કેમ કરીને સામાને સમજાવી, એની સાથે અથડાયા વગર,એડજસ્ટમેન્ટ લઇ લોકોને કોઇ પણ રીતે મદદરૂપ થવાય, અને સામાનું દુ:ખ દૂર થાય અને એને સુખ થાય એ જ એમના જીવનનું લક્ષ્ય હતું. જે પાછળ જતાં જ્ઞાન પછી 'જે સુખ હું પામ્યો, તે આખું જગ પામો' એ રૂપે જીવનમાં પરિણમ્યું.

# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ

## સ્ટોરી બુક



## મન્થલી મેગેઝિન

બાળકો માટે



યુવાનો માટે અક્રમ યુથ

અક્રમ એક્સપ્રેસ

## દાદા ભગવાન સચિત્ર





માનવમાંથી મહામાનવ (નીલ) સીરીઝ બુક

## ગેમ્સ




## V.C.D. & D.V.D.



## વેબસાઈટ



**Visit kids.dadabhagwan.org**



દરેકના જીવનમાં અનેક પ્રકારના સંજોગો આવે અને અવનવા અનુભવોમાંથી પસાર થવું પડે. પણ જ્ઞાની જે રીતે તેનો ઉકેલ લાવે છે એ આપણા માટે બોધપાત્ર થઈ જાય. દાદાશ્રીના જીવનના પ્રસંગો જોઈએ તો, ગમે તે સંજોગોમાં કોઈને દુઃખ ન થાય, એટલું જ નહીં, પણ બધાને સુખ થાય એવી રીતે એમણે ઉકેલ લાવ્યો છે. એની ઝલક આ પુસ્તિકામાં જોવા મળે છે.

dadabhagwan.org

Fun 'n' Gnan with Dada

ISBN 978-93-82128-72-4

9 789382 128724

Printed in India

MRP ₹45